





ગાંધીનગર સમાચાર

## @ગાંધીનગર

● સે-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે ડી.જી. વણઝારાનો સન્માન સમારોહ યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા રાત્રે ૮.૦૦ કલાકે ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે અનિલભાઈ શર્માના નિવાસસ્થાને પ્લોટ નં. ૭૭૦/૧, જાગૃતિ પાર્ક સોસાયટી, સે-૩૦ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

● છેલ્લા ચોવીસ વર્ષથી નિ:શુલ્ક પણે લીમડાના ફૂલપાનનું વિતરણ કરતા અનિલભાઈ જોશી દ્વારા આજ રોજ સવારે ૬.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન પ્લોટ નં. ૧૫૦/૨, સે-૬-બી ખાતે લીમડાના ફૂલપાનના રસનું વિતરણ કરવામાં આવશે.

● શકિત મંડળ દ્વારા સવારે ૧૦.૩૦ કલાકે રૂપલબેન ગોસ્વામીના નિવાસસ્થાન એમ.આઈ.જી. ૮/૮૭, સરદાર પટેલ કોલોની, સે-૧૪ ખાતે આનંદનો ગરબો યોજાશે.

● શ્રી જલારામ સેવા સમાજ દ્વારા સવારે ૮.૩૦ કલાકે શ્રી દરિયા લાલ જયંતિ નિમિત્તે પૂજનવિધિ, હવનવિધિ, શ્રીફળ હોમવાની વિધિ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

● પેથાપુરના અંબાજી ચોક ખાતે ચૈત્ર નવરાત્રીના પ્રારંભે રાસ ગરબા યોજાશે.

● કલોલ-ગાંધીનગર હાઈવે પર આવેલ ધમાસણા દાંડીબાપુના આશ્રમ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો ગવાશે.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે સે-૧૨ આંબેડકર ભવન ખાતે સાંજે ૫.૩૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકરના ગ્રંથ 'અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતા સામાજિક' વિષય ઉપર ચિંતક જી.કે. રાઠોડ વકતવ્ય આપશે.

# રૂપિયા ૫૦ની નોટોનું બંડલ કહીને ગઠીયા કાગળો થપાવી ગયા..!

## એસ.ટી. ડેપોમાં ૧૫ વર્ષના કિશોર સાથે મળીને એક ગઠીયાએ એમ.બી.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને છેતર્યો

ગાંધીનગર, તા.૭

છાલા ગામથી એસ.ટી. બસમાં અડાલજ સ્થિત કોલેજમાં જવા નીકળેલો વિદ્યાર્થી ગાંધીનગર એસ.ટી. ડેપો પહોંચ્યો ને છેતરાઈ ગયો હતો. ૧૫ વર્ષ જેટલી નાની ઉંમરના કિશોરની મદદ લઈ એક કાલ્પનિક વાર્તા ઘડી કાઢીને વિદ્યાર્થીને વિશ્વાસમાં લીધા બાદ બીજો એક ગઠીયો આવ્યો અને વાતોમાં ભોળવીને તેની પાસેથી સોનાની ચેઈન, ચાંદીની લકી અને મોબાઈલ લઈ લીધા અને તેને રૂ. ૫૦ની નોટોનું બંડલ ભરેલુ બોક્ષ કહીને લીટીવાળા કાગળોનું બંડલ થપાવી દઈ છેતરપીંડી આચરી હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. સેક્ટર-૭ પોલીસે છેતરપીંડીનો ગુનો દાખલ કરીને પીએસઆઈ ગઢવીએ ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા છાલા ગામના સોલંકી વાસમાં રહેતો સંદિપ ચિમનભાઈ પરમાર અડાલજ નજીક સ્થિત એક કોલેજમાં એમ.બી.એ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. આજે સવારે ઘરેથી નિકળ્યા બાદ ગાંધીનગર એસ.ટી. ડેપોમાં સંદિપ પહોંચ્યો ત્યારે તેની પાસે દયામણા ચહેરે આશરે ૧૫ વર્ષિય કિશોર આવીને ઉભો રહી ગયો અને કહેવા લાગ્યો કે મારા શેઠે મને કાઢી મુકયો છે અને મારે રાજસ્થાન જવુ છે રૂપિયાની જરૂર છે..! વાર્તાઓ કહીને સંદિપને વિશ્વાસમાં લેવાનુ કામ કરી રહ્યો હતો ત્યાં એક ગઠીયો દાનવીરના સ્વાંગમાં ટોપી-ચશ્મા પહેરીને આવ્યો. શું થયું છે ? પુછીને છોકરાને મદદ કરવી જોઈએ તેવો મત સંદિપ સાથે રજુ કરીને સંદિપને વિશ્વાસમાં લીધો..! ધીમે રહીને તે ગઠિયાએ બેગમાંથી એક નાનુ બોક્ષ કાઢ્યુ જેમાં ઉપરથી રૂ. ૫૦ની નોટ દેખાતી હતી. રૂ. ૫૫ની નોટોનું બંડલ કાઢીને સંદીપને કહ્યુ કે લે આ રૂપિયામાંથી થોડા રૂપિયા નિકાળીને છોકરાને આપી દે..! વાતોની માયાજાળમાં રચીને સંદિપની પાસેથી રૂ. ૨૫ હજારની તેની સોનાની ચેઈન, રૂ. ૬ હજારની ચાંદીની લકી અને રૂ. ૧૦,૫૦૦ની કિંમતનો મોબાઈલ મળીને રૂ. ૪૧,૫૦૦નો સામાન ગઠિયાએ લઈ લીધો અને કહ્યું કે ખુણામાં જઈને મને ત્યાં જઈને બોક્ષ ખોલી રૂપિયાનું બંડલ કાઢીને છોકરાને પૈસા આપી દઈએ. જાહેરમાં આટલા બધા રૂપિયા ન ખોલાય તેમ સમજાવીને સંદિપને ખુણામાં મોકલ્યો ને પાંચ મિનિટમાં તે ગઠીયો અને તેનો ૧૫ વર્ષનો સાગરીત બંને ગાયબ થઈ ગયા હતા. સંદિપને પણ ખબર નથી કે તેણે દાગીના અને મોબાઈલ કેમ ઉતારીને આપ્યા..? સેક્ટર-૭ પોલીસે સંદિપની ફરીયાદ લઈને છેતરપીંડી વિશ્વાસઘાતનો ગુનો નોંધી ડેપોના સીસીટીવી ફુટેજ તપાસી આરોપીઓને પકડવા દોડધામ શરૂ કરી છે.



ગાંધીનગર શહેરના વી કેર ફાઉન્ડેશન દ્વારા શહેર નજીક આવેલા ઉવારસદ ગામે પગરખા અને અનાજ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પગરખા વિના ફરતા શ્રમજીવી પરિવારના સભ્યોને ચંપલ આપી માનવતાની હુંફ પુરી પાડી હતી. અને ગામના ગરીબ પરિવારને અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વી કેર ફાઉન્ડેશનના સભ્યો હાજર રહ્યા હતા.

## વાતવાતમાં

● વિશ્વ આરોગ્ય દિવસની જિલ્લા આરોગ્ય કેન્દ્ર દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લામાં અડાલજ અને ચંદ્રાલા સહિત કુલ ચાર સ્થળોએ મેડિકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

● મનપાની ચૂંટણીઓના પ્રતાપે કલેકટર કચેરીએ સંભવિત ઉમેદવારો તથા તેમના ટેકેદારોનો જમાવડો થતો હોવાના કારણે ભારે ભીડનો માહોલ સર્જાય છે. એક એક ઉમેદવાર દસથી બાર ટેકેદારો લઈને પોતાને જરૂરી પુરાવા ભેગા કરવા આવતા હોવાથી સામાન્ય નાગરિકો જેમને ૭/૧૨ના ઉતારા કે આધારકાર્ડ જેવા કાર્યોમાં ભારે ભીડના લીધે અગવડનો સામનો કરવો પડી રહ્યો છે.

● ગાંધીનગરના એએસપી ડૉ. કરણરાજ વાઘેલાની બે દિવસ પૂર્વે બદલીની જાહેરાત કરાઈ છે. આજે તેમનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો હતો.

● ગાંધીનગરના જૂના સચિવાલયમાંથી વધુ એક કોમ્પ્યુટરનું મોનિટર ચોરાયું છે. જો સરકારી કચેરીઓ જ સુરક્ષિત ના રહી શકતી હોય તો સામાન્ય નાગરિકોની તો શી વિસાત?

● ખ-૧ નજીક ઈકોવાન કાર અને અન્ય એક એસયુવી કાર સામ સામે ભટકાયા હતા. આ અકસ્માતમાં સદભાગ્યે કોઈને ગંભીર ઈજાઓ નથી પહોંચી પરંતુ બંને કારના આગળના ભાગનો ખુડદો બોલી જવા પામ્યો હતો.

# બાપુ કોલેજના વિદ્યાર્થીઓનો કન્ટુર સર્વે કેમ્પ યોજાયો

## અંબાજી ખાતે કોલેજના સિવિલ એન્જિનીયરીંગ વિભાગના ૧૦૦ વિદ્યાર્થીઓને ડુંગરાળ જમીનની માપણી શિખવાડવા ત્રિદિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર તાલુકાના વાસણ ખાતેના બાપુ ગુજરાત નોલેજ વિલેજના સિવિલ એન્જિનીયરીંગ વિભાગના વિદ્યાર્થીઓનો અંબાજીના પહાડી વિસ્તારમાં ત્રિદિવસીય કન્ટુર સર્વે કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૩ પ્રાધ્યાપકો જોડાયા હતા.

જયારે જમીન સીધી કે સપાટ હોય ત્યાં તેની માપણી કરવી કે તેનો સર્વે કરવો ઘણો આસાન બની રહેતો હોય છે. પરંતુ જયાં જમીન સીધી કે સપાટ ન હોય પરંતુ પહાડી-ડુંગરાળ વિસ્તાર હોય તેવી જમીનની માપણી કરવી કે તેનો સર્વે કરવો ઘણું અઘરું કાર્ય હોય છે. સિવિલ એન્જિનીયરીંગ ભણતા વિદ્યાર્થીઓ માટે આ માપણી કે સર્વે શીખવું ખૂબ જ અગત્યનું પરિબળ ગણાય છે. વાસણની બાપુ કોલેજના સિવિલ એન્જિનીયરીંગ વિભાગના આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૩ પ્રાધ્યાપકો જોડાયા હતા.



જયારે જમીન સીધી કે સપાટ હોય ત્યાં તેની માપણી કરવી કે તેનો સર્વે કરવો ઘણો આસાન બની રહેતો હોય છે. પરંતુ જયાં જમીન સીધી કે સપાટ ન હોય પરંતુ પહાડી-ડુંગરાળ વિસ્તાર હોય તેવી જમીનની માપણી કરવી કે તેનો સર્વે કરવો ઘણું અઘરું કાર્ય હોય છે. સિવિલ એન્જિનીયરીંગ ભણતા વિદ્યાર્થીઓ માટે આ માપણી કે સર્વે શીખવું ખૂબ જ અગત્યનું પરિબળ ગણાય છે. વાસણની બાપુ કોલેજના સિવિલ એન્જિનીયરીંગ વિભાગના આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને 'કન્ટુર સર્વે'નો લાઈવ અભ્યાસ મળે તે માટે અંબાજીના પહાડી વિસ્તારમાં ત્રિદિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૪થી ૬ એપ્રિલ દરમિયાન યોજાયેલા આ શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીઓને કન્ટુર સર્વેના વિવિધ પાસાનો ઝીણવટભર્યો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

પહાડી ડુંગરાળ વિસ્તારમાં જમીનની માપણી કરવા થિઓડોલાઈટ મશીનનો ઉપયોગ કેવી રીતે કરવો, જેનાથી વિવિધ એંગલ માપવા, મેઝરમેન્ટ કરવું તથા તેવા વિસ્તારોની માપણી કેવી રીતે કરવી તે અંગે વિદ્યાર્થીઓને પ્રેકટિકલ તાલીમ આપવામાં આવી હતી.

# શહેરની ગંદકીની સમસ્યા અંગે શહેરીજન સંસ્થાની મીટીંગમાં આક્રોશ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડીની માસિક સભા શ્રી જે.જી. ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં બહોળી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. બેઠકમાં મહાનગર પાલિકાની ચૂંટણી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ગત પાંચ વર્ષમાં મનપા દ્વારા તથા નગરસેવકો દ્વારા સમસ્યાઓ હલ કરવામાં નિષ્ફળતા અંગે સભ્યોએ બળાપો કાઢયો હતો. ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવા સિવાય શહેરની સ્વચ્છતા પર ધ્યાન લેવામાં આવતું નથી. શેરી સફાઈ, કોમન પ્લોટ, ગંદકીથી ખદબદે છે. કચરો દૂર થતો નથી. કચરાના ઢગ થઈ ગયા છે. વન વિસ્તારમાં સૂકા પાંદડાને કારણે ગંદકી વધુ થાય છે. ઢોરવાડા ઉભા થઈ ગયા છે. કચરાપેટીની બહારના ભાગમાં કચરો ઉભરાઈને બહાર ગંદકી થાય છે.

દરેક સેકટરમાં રખડતાં ઢોર અને કૂતરાઓને ત્રાસ વધતો જાય છે. કુતરા કે ઢોર પકડવાની વ્યવસ્થા થતી જ નથી. હવે જયારે મનપાની ચૂંટણી માટે જે કોઈ ઉમેદવાર આવે તો તેની પાસે શેરી અને કોમન પ્લોટની સફાઈ અંગે ખાત્રી માંગવી, ખાદ્ય પદાર્થ-પીણાંની લારી-ગલ્લાની ચકાસણી, વનવિસ્તારની જગ્યામાં સફાઈ કરવી, રખડતાં ઢોર માટે શહેરની બહાર ઢોરવાડો બનાવવો સેકટરના આંતરિક રસ્તા રીનોવેટ કરવા પ્રશ્નોના નિરાકરણ માટે ખાત્રી માંગવી. આભારવિધિ બાદ પ્રમુખશ્રી જયંતભાઈ ભટ્ટે સભાનું સમાપન કર્યું હતું.

## રવિવારો ડૉ. આંબેડકરના જીવન આધારિત ફિલ્મ પ્રદર્શન

ગાંધીનગર, તા.૭

ભારત રત્ન ડૉ. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે આગામી તા. ૧૦મી એપ્રિલને રવિવારના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન 'જય ભીમ કોમરેડ' ફિલ્મ વિના મૂલ્યે પ્રદર્શિત કરવામાં આવશે. સે-૨૩, કડી સર્વ વિદ્યાલય સંકુલના શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ હોલ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના સમગ્ર જીવન વૃતાંત આધારિત ડીવીડી ફિલ્મ શોનું આયોજન કરાયું છે. નગરની તમામ જાહેર જનતાને તેનો લાભ લેવા એસોસિએશનના પ્રમુખ ભાનુકાન્ત પરમાર અને મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા જણાવાયું છે.

## સ્વ. શોભનાબેન શાહનું ચક્ષુદાન મેળવાયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સેકટર-૨૭ શિવશકિત સોસાયટીના બ્લોક નં. ૯૭૩ના નિવાસી ૬૨ વર્ષીય શોભનાબેન શાહનું ગત તા. ૬ એપ્રિલના રોજ દુઃખદ અવસાન થવા પામ્યું હતું. જુનિયર સિટીઝન્સ કાઉન્સીલ દ્વારા સદગતના ચક્ષુઓનું દાન મેળવવામાં આવ્યું હતું. તેઓના કુટુંબીજન કિશોરચંદ્ર શાહની સંમતિથી ચક્ષુદાન લેવામાં આવ્યું હતું. આ સદરકાર્યમાં ડૉ. નીરવ દ્વારા તબીબી સેવા પુરી પાડવામાં આવી હતી. જુસીકાના કાર્યકર અશોકભાઈ અને ગણપતભાઈએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવામાં સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થના ચક્ષુને અમદાવાદ ચક્ષુબેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય દિલીપ દંતાણીએ કર્યું હતું.

# બે વર્ષની નોકરીની લાલચ આપી અધવચ્ચેથી તગેડી મુકાતા કર્મચારીઓ બેહાલ

## રિલાયન્સ ૪જી નેટવર્કિંગના ટાવર નાંખવા માટે ૨ વર્ષના કોન્ટ્રાકટથી લેવાયેલા કર્મચારીઓને એક જ વર્ષમાં અચાનક છુટા કરી દેવાયા

ગાંધીનગર, તા.૭

છેલ્લા કેટલાક સમયથી ભારતમાં રિલાયન્સ જીઓ દ્વારા ૪જી મોબાઈલ નેટવર્કિંગ સેવા ચાલુ થવાની બાબતે ઘણી ઉત્સુકતા ફેલાયેલી છે. જોકે રિલાયન્સ જીઓ કંપની દ્વારા તેમની આ સેવાના નેટવર્કિંગ ટાવરોના ઈન્સ્ટોલેશન માટે પોતાની કંપનીને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો તેણે બે વર્ષની નોકરીના વાયદા સાથે કર્મચારીઓની ભરતી કરી હતી પરંતુ માત્ર એક જ વર્ષમાં આ કર્મચારીને તગેડી મૂકીને યુવા કર્મચારીઓ પ્રત્યે ભારોભાર અન્યાય કર્યો છે.

રિલાયન્સ જીઓ કંપની દ્વારા ૪જી નેટવર્કિંગ માટે ટાવર લગાડવાનું કાર્ય હાથ ધરાયું હતું. આ કાર્ય માટે તેમણે બે વર્ષના કોન્ટ્રાકટથી કર્મચારીઓની નિમણુંક કરી હતી. બે વર્ષની નોકરીના સપના દેખાડી આ કંપની માત્ર એક જ વર્ષ જેટલા સમયમાં તેના કર્ચમારીઓને છુટા કરી દેવાનું ચાલુ કરતા કર્મચારીઓ કફોડી પરિસ્થિતિમાં મુકાયા છે. આ પિડિત કર્મચારીઓને કંપનીએ કોઈ પણ જાતનો વેઈટીંગ પિરિયડ કે નોટીસ પાઠવ્યા વગર સીધે સીધા છુટી કરી દેતા તેમના પરિવાર પર આર્થિક મુશ્કેલીઓનો બોજ તુટી પડયો છે. બેરોજગાર બનેલા આ કર્મચારીઓએ બે વર્ષની નોકરીની લાલચ આપી પોતાનું કામ-મતલબ પુરો થઈ જતા અચાનક પાણીચું પકડાવી દેવાની નીતિનો વિરોધ કરી કંપની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે પરંતુ હાલ તો આ કર્મચારીઓના પરિવારો આર્થિક મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા છે.

# ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે સવા લાખના દાગીના દર્દીના ભાઈને સુપ્રત કર્યા

ગાંધીનગર, તા.૭



ગાંધીનગર નજીક કુડાસણ રોડ પર આજે સવારે રિક્ષા પલ્ટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક ઘાયલ યુવાનને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો. ઘાયલ યુવાનના સોનાના દાગીના અકસ્માતમાં નીકળીને પડી જતા ૧૦૮ની ટીમને ધ્યાને આવતા લઈલીધા હતા. અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ઘાયલ યુવાનના ભાઈ આવ્યા ત્યારે તેમને ૧૦૮ની ટીમે સવા લાખના દાગીના સુપ્રત કરી માનવતાના દર્શન કરાવ્યા હતા.

કુડાસણ રોડ પરથી પસાર થઈ રહેલી એક રિક્ષા સવારે પલ્ટી ખાઈ જતાં કરશનભાઈ ઠાકોર ઘાયલ થયા હતા. રિક્ષા પલ્ટી દરમિયાન કરશનભાઈએ પહેરેલી સોનાની બે ચેઈન અને એક ચાંદીનું બ્રેસલેટ નીકળીને પડી ગયું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સના પાયલોટ દિનેશસિંહ ચાવડા તથા ઈએમટી અમીત પટેલ બંને તાબડતોબ ઘટના સ્થળે એમ્બ્યુલન્સ લઈને પહોંચી ગયા હતા અને પડેલા દાગીના લઈને દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયો હતો. દર્દીના સગાને અકસ્માત અંગે જાણ થતા ભાઈ દશરથ હોસ્પિટલ આવી પહોંચ્યો હતો અને ૧૦૮ની ટીમે અકસ્માત સ્થળેથી મળેલા સોના ચાંદીના આશરે સવા લાખની કિંમતના દાગીના દર્દીના ભાઈ દશરથને સુપ્રત કર્યા હતા.

# આજથી ચૈત્રી નવરાત્રીનો મંગલ પ્રારંભ

## સવારે વૈદ્રુત નામનો દુષિત યોગ હોવાથી ઘટસ્થાપન ૧૨.૨૦ થી ૧૨.૩૯ના શ્રેષ્ઠ મુર્હુતમાં કરી શકાશે, ચૈત્ર સુદ નોમના દિવસે ભગવાન રામનો જન્મ થયો હોવાથી આ નવરાત્રીનું વિશેષ મહત્વ બને છે, આજે ગુડી પડવો તથા ચેટી ચાંદનું પર્વ પણ ઉજવાશે

ગાંધીનગર, તા.૭

ભારતીય હિંદુ સંસ્કૃતિમાં ચાર નવરાત્રીનું પ્રાધાન્ય વર્ણવાયું છે. જેમાં મહા માસની નવરાત્રી, ચૈત્રી નવરાત્રી, અષાઢ માસની નવરાત્રી અને આસો નવરાત્રી મા દુર્ગાના પૂજન અર્ચન માટે મહત્વ ધરાવે છે. આ ચાર નવરાત્રી પૈકી આજથી શકિત આરાધનાના પર્વ ચૈત્રી નવરાત્રીનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે. સર્વ મનોકામના પુર્ણ કરવા આ પર્વમાં ઉપવાસ, અનુષ્ઠાન અને ઉપાસનાનું વિશેષ મહત્વ લેખાયું છે. આ નવરાત્રીમાં બીજ અને ત્રીજ ભેગા હોવાથી એક નવરાત્રીની ઘટ છે. પર્વ દરમિયાન ભગવાન રામનો ચૈત્ર સુદ નોમના દિવસે જન્મ થયો હોવાથી રામનવમીની ઉજવણી સાથે રામાયણના પાઠના વાંચનનો પણ મહિમા ઉલ્લેખાયો છે. આજથી પ્રારંભ થતા આ પર્વ સાથે ગુડી પડવો અને ચેટી ચાંદના પર્વની પણ ઉજવણી થશે.

આજથી પ્રારંભ થતી ચૈત્રી નવરાત્રીને શકિત આરાધના, કુળદેવી ઉપાસના અને અનુષ્ઠાન માટે ઉત્તમ માનવામાં આવી છે. વહેલી સવારથી વૈદ્રુત નામનો દુષિત યોગ હોવાથી ઘટસ્થાપન તથા જવારા વાવવા માટે ૧૨.૨૦ થી ૧૨.૩૯નું શ્રેષ્ઠ મુર્હુત ગણાયું છે. મહાશકિતના આ પર્વમાં નિત્ય પૂજન-અર્ચન, આરતી, મંત્રોચ્ચારના ધ્વનિ ગુંજતા થશે.



માતાજીના નવાર્ણ મંત્ર 'ઓમ્ ઐં હ્રીં કલીં ચામુંડાયૈ વિચ્ચૈ'ના જાપ કરવાથી મનુષ્ય તમામ દુઃખોમાંથી મુકત બને છે. વધુમાં આ પર્વ દરમિયાન મૌન ધારણ કરવાનું પણ મહત્વ દર્શાવાયું છે. તેમજ દુર્ગા સપ્તસતિના ચંડીપાઠ કરવાથી દુઃખ, શોક અને ભયમાંથી મનુષ્ય મુકત બની સર્વસુખનો આધિપતિ બને છે.

ઉપરોકત વિગતો આપતા તલોદના જયોતિષી ભરતભાઈ શાસ્ત્રી વધુમાં જણાવે છે કે ચૈત્ર નવરાત્રી દરમિયાન નોમના દિવસે ભગવાન રામનો જન્મ થયો હોવાથી પર્વ દરમિયાન રામાયણના પાઠ પણ શકિત પૂજામાં શ્રેષ્ઠ ફળ પ્રાપ્તિ માટે મહત્વ ધરાવે છે. વધુમાં શાસ્ત્રી જણાવે છે કે નવ દિવસ દરમિયાન દૈવ્ય શકિતના નવ સ્વરૂપોનું પણ પૂજન થાય છે. અને નવ દિવસ શ્રીયંત્રની ઉપાસના થકી શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત થાય છે. નવરાત્રીમાં ઉપાસકે નિત્ય માતાજી સમક્ષ વિધિ વિધાનપૂર્વક જાપ-આરાધના કરી મનોકામના પુર્ણ પરિણામ પ્રાપ્ત કરે છે. બીજ અને ત્રીજ તિથી ભેગી હોવાથી એક નવરાત્રીની ઘટ આ વર્ષે ઉભી થઈ છે. નવરાત્રીના પ્રારંભે ગુડી પડવો તથા ચેટી ચાંદ જેવા ધાર્મિક પર્વો પણ ઉજવાશે જેથી સમગ્ર માહોલ આજે ધાર્મિકતાથી ભરપૂર બની જશે. આમ ચૈત્રી નવરાત્રી સાધકો માટે વિશેષ મહત્વ ધરાવે છે અને રાત્રી દરમિયાન મંદિરોના પ્રાંગણમાં ગરબા પણ થાય છે.

# શહેરના ઘ-૫ થી ચ-૫ માર્ગ પરના ઝોખમી વૃક્ષોનું ટ્રીંમીગ કરાયું

ગાંધીનગર, તા.૭ ફોટો

ગાંધીનગર શહેરમાં ઘણા ઝોખમી વૃક્ષો આવેલા છે કેટલાક તો એવા વૃક્ષો છેકે નગરના રહીશો પણ આ માર્ગ પરથી નીકળતી વખત સો વખત વિચાર કરે છે. રહીશો દ્વારા વનવિભાગમાં અનેકવાર રજુઆત કરવા છતા પરિસ્થિતિ યથાવત રહેવા પામે છે ત્યારે આજે શહેરના ઘ-૫ થી ચ-૫ તરફના માર્ગ પર આવેલા ઝોખમી વૃક્ષોનું તંત્ર દ્વારા ટ્રીંમીગ કરાયું હતું.

ગાંધીનગરના હાર્દસમા વિસ્તાર ઘ-૫ થી ચ-૫ વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી નમી ગયેલા સુકા વૃક્ષો ઝોખમી લાગી રહ્યા હતા. ત્યારે વારંવાર રજુઆત સ્થાનિક રહીશો દ્વારા આ ઝાડના ટ્રીંમીગ માટે કરવામાં આવી હતી. નમી ગયેલા પાંચ વૃક્ષોનું ટ્રીંમીગ આજે વનવિભાગ દ્વારા હાથ ધરાયું હતું. માર્ગ પર અવરોધરુપી ડાળીઓ દુર કરવામાં આવી હતી. તંત્ર દ્વારા આ ટ્રીંમીગની કામગીરી હાથ ન ધરવામાં આવી ન હોત તો શહેરમાં ફુંકાતા જોરદાર પવન કે વાવાઝોડામાં નમી ગયેલા વૃક્ષો ધરાશાયી થઈ જાય તો જોખમ સર્જી શકે તેવા હતા. ત્યારે તંત્ર એ ટ્રીંમીગની કામગીરી કરીને પ્રસંશનીય કામ કર્યું હોય તેવું સ્થાનિકોને લાગે છે.

## ચિરવિદાય

- સ્વ. કોકીલાબેન રતિલાલ સુખડીયા, ઉ.વ. ૭૨
- સ્વ. હિરાબેન રામાભાઈ પટેલ, ઉ.વ. ૬૨